# સરોલીના સણીયા હેમાદમાં સ્ટોપર તોડવાની બાબતે સશસ્ત્ર ધીંગાણું

**મિત્રના** ઝઘડામાં મધ્યસ્થી બનવા ગયેલા યુવકને ચાર શખ્સે ઘેરીને પેટમાં ચપ્પુના ઘા ઝીંક્યા

સુરત : સરોલી વિસ્તારમાં આવેલા સણીયા હેમાદ ખાતે રૂમના બાથરૂમની સ્ટોપર તોડવા જેવી તુચ્છ બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. મિત્ર વચ્ચે પડેલી તકરારમાં સમાધાન કરાવવા ગયેલા જોમેટો ડિલીવરી બોય પર ચાર શખ્સોએ કડા અને ચપ્પુ વડે પ્રાણઘાતક હુમલો કરી લોહીલુહાણ કરી મૂક્યો હતો. ઈજાગ્રસ્ત યુવકની ફરિયાદના આધારે સરોલી પોલીસે ચાર હુમલાખોરો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પુણાગામની સીતાનગર ચોકડી પાસે આવેલી જય યોગેશ્વર સોસાયટીમાં રહેતો અને જોમેટો તેમજ સ્વિંગીમાં ડિલીવરી બોય તરીકે કામ કરતો કમલ રાકેશ રાઠોડ (ઉં.વ. ૨૫) ગત તા. ૦૭/૦૮/૨૦૨૬ના રોજ પોતાના ઘરે હાજર હતો. તે દરમિયાન તેના મિત્ર વિષ્ણુ ઉર્ફે બાલી યાદવનો ફોન આવ્યો હતો. વિષ્ણુએ તેને જણાવ્યું હતું કે, તેની બાજુની રૂમમાં રહેતા સૂરજ નામના યુવકને બાથરૂમના દરવાજાની અંદરની સ્ટોપર કોણે તોડી તે અંગે પૂછતાં તે ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપી અગાસી પરથી નીચે ફેંકી દેવાની ધમકી આપી ઝઘડો કર્યો હતો. આ મેટર પતાવવા માટે વિષ્ણુએ કમલને બોલાવતા, કમલ અને તેનો અન્ય મિત્ર મનીષ રાઠોડ સાંજના છએક વાગ્યે સરોલી ખાતે આવેલા એથિક્સ પાર્કમાં પહોંચ્યા હતા. ત્યાં રોડ સાઈડમાં ચા પીતી વખતે આરોપી સૂરજ બાબુરામ લોધી, તેનો ભાઈ શિવમ બાબુરામ લોધી, મોહિત હુકમસિંગ રાજપૂત અને સાહિલ ડાભી ધસી આવ્યા હતા. શિવમે વિષ્ણુ સાથે ફરીથી ઝઘડો શરૂ કરી ધક્કામુક્કી કરી હતી. કમલ વચ્ચે પડીને શાંતિથી વાત કરો તેમ કહી સમજાવવા જતાં ચારેય જણા ઉશ્કેરાઈ ગયા હતા અને કમલ તેમજ વિષ્ણુ પર તૂટી પડ્યા હતા. મારામારી દરમિયાન સૂરજે પોતાના હાથમાં પહેરેલું કડું કમલના માથામાં મારી દીધું હતું, જ્યારે સાહિલ ડાભીએ પોતાની પાસે રહેલું ચપ્પુ કમલના પેટની જમણી બાજુએ તથા જમણા થાપાના ભાગે ઝીંકી દીધું હતું. કમલને ગંભીર ઈજા પહોંચતાં રક્તસ્રાવ શરૂ થયો હતો અને લોકોના ટોળાં ભેગાં થઈ જતાં ચારેય હુમલાખોરો ભાગી છૂટ્યા હતા.

આ બનાવ અંગે કમલ રાઠોડે સરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય આરોપીઓ સુરજ બાબુરામ લોધી (રહે- ખાતા નં.૦૮, અગાસી ઉપર આવેલી રૂમમાં, એથીક્સ પાર્ક, સણીયા હેમાદ ગામ, સારોલી), શિવમ બાબુરામ લોધી (રહે- ખાતા નં.૦૮, ન્યુ શુભમ ઈન્ડસ્ટ્રીઝ, આશીર્વાદ પાર્કની પાસે, સણીયા હેમાદ ગામ, સારોલી), મોહિત હુકમસિંગ રાજપુત (રહે- ખાતા નં.૦૮, અગાસી ઉપર આવેલી રૂમામાં, એથીક્સ પાર્ક, સણીયા હેમાદ ગામ, સારોલી) તથા સાહીલ ડાભી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કચ્છના રાપર પાસે 3.3ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો

**બપોરે** 1:34 વાગ્યે આંચકો અનુભવાયો

**એપીસેન્ટર** રાપરથી 15 કિમી દૂર પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમમાં 15 કિમી ઊંડાઈએ

ગાંધીનગર : કચ્છમાં આજે ફરી ધરતી ધ્રૂજી ઊઠતાં રાપર અને આસપાસના વિસ્તારોમાં થોડા સમય માટે ફફડાટ ફેલાયો હતો. બપોરે 1:34 વાગ્યે રાપર પંથકમાં 3.3ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરથી આશરે 15 કિલોમીટર દૂર પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમ દિશામાં અને જમીનથી 15 કિલોમીટર ઊંડાઈએ નોંધાયું હતું. જોકે, આંચકાની તીવ્રતા ઓછી હોવાથી સદનસીબે અત્યાર સુધી કોઈ જાનમાલના નુકસાનના અહેવાલ મળ્યા નથી. પ્રાપ્ત વિગતો મુજબ ભૂકંપનું ભૌગોલિક સ્થાન 23.563 ઉત્તર અક્ષાંશ અને 70.490 પૂર્વ રેખાંશ નોંધાયું છે. આંચકો અનુભવાતા રાપર અને આસપાસના કેટલાક વિસ્તારોમાં લોકોમાં થોડા સમય માટે ચિંતા અને કૌતુકનો માહોલ જોવા મળ્યો હતો. ભૂકંપ બાદ સ્થાનિક તંત્ર દ્વારા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. હાલ મકાનો કે અન્ય મિલકતોને નુકસાન થયું હોવાની કોઈ માહિતી સામે આવી નથી. કચ્છમાં ભૂકંપના આંચકા અવારનવાર અનુભવાતા હોવાથી તાજેતરના આંચકાએ સ્થાનિકોમાં ફરીથી ચિંતા જગાવી છે.

# સાયણ સુગરની ચૂંટણીમાં ભારે રસાકસી 69.67% જેટલું મતદાન

**ભાજપ** સામે ભાજપની ચૂંટણીમાં કેતન પટેલ અને રાકેશ પટેલે પોતાની પેનલની જીતના દાવા કર્યા

સુરતઃ સાયણ સુગરની 14 ઝોનની બેઠકો માટે રવિવારે યોજાયેલી ચૂંટણીમાં ભાજપની આંતરિક ખેંચતાણને કારણે જંગ રોચક બન્યો હતો. 14 પૈકી 13 ઝોનની બેઠકો પર ભાજપ વિરુદ્ધ ભાજપની પેનલો વચ્ચે સીધી ટક્કર જોવા મળી હતી, જ્યારે સાંધીયેર ઝોનમાં કોંગ્રેસ અગ્રણી અને ખેડૂત આગેવાન દર્શન નાયક સામે ભાજપની પેનલના ઉમેદવાર અને અન્ય બે અપક્ષ ઉમેદવારો મેદાનમાં હતાં. ચૂંટણીના પરિણામો પહેલા જ બંને પક્ષો દ્વારા જીતના દાવાઓ થતાં હવે 12 ઓગસ્ટે મંગળવારે થનારી મતગણતરી તરફ સૌની નજર મંડાઈ છે.

સાયણ સુગરના માજી પ્રમુખ અને ભાજપના અગ્રણી કેતન પટેલે વર્તમાન પ્રમુખ રાકેશ પટેલની પેનલ સામે પોતાની પેનલ મેદાનમાં ઉતારતાં આ વખતની ચૂંટણીમાં ખાસ્સી રસાકસી સર્જાઈ હતી. બંને જૂથોએ પોતાના સમર્થકોને મતદાન માટે સક્રિય કરતાં કેટલાક ઝોનમાં મતદાનની ટકાવારી નોંધપાત્ર રહી હતી.

ચૂંટણીમાં કુલ સરેરાશ 69.67 ટકા મતદાન નોંધાયું હતું. ઝોનવાર આંકડા મુજબ ઝોન-1 ભટગામમાં સૌથી વધુ 84.66 ટકા મતદાન થયું હતું. ત્યારબાદ ઝોન-6 માસમામાં 83.99 ટકા, ઝોન-8 છાપરાભાઠામાં 80.77 ટકા, ઝોન-3 સાયણમાં 80.06 ટકા અને ઝોન-5 સાંધીયેરમાં 78.29 ટકા મતદાન નોંધાયું હતું. દર્શન નાયકની ફરી ઉમેદવારોને પગલે ખૂબ ગાજેલી સાંધીયેર ઝોન - 5 બેઠકમાં 1598 કુલ મતદારોમાંથી 1309 મતદારોએ મતદાન કર્યું હતું. સાંજે 5 વાગ્યે 81.91 % જેટલું ઊંચું મતદાન નોંધાયું હતું. દર્શન નાયક પોતાની બેઠક જાળવી રાખે છે કે નહીં, તે પરિણામ બાદ જ સ્પષ્ટ થશે.

### સૌથી વધુ મતદાન ભટગામમાં અને ઓછું પીપોદરામાં

**ઝોન નંબર અને નામ / થયેલા મતદાનની ટકાવારી**

ઝોન-1 ભટગામ 84.66 ટકા
ઝોન-6 માસમામાં 83.99 ટકા,
ઝોન-8 છાપરાભાઠામાં 80.77 ટકા,
ઝોન-3 સાયણમાં 80.06 ટકા
ઝોન-5 સાંધીયેરમાં 78.29 ટકા
ઝોન-9 મોટાવરાછામાં 76.12 ટકા,
ઝોન-2 કુડસદમાં 73.90 ટકા
ઝોન-4 સસથાણમાં 73.55 ટકા
ઝોન-10 અબ્રામામાં 69.80 ટકા
ઝોન-11 કામરેજમાં 57.60 ટકા,
ઝોન-12 વાવમાં 59.32 ટકા
ઝોન-13 દિગસમાં 57.09 ટકા
ઝોન-7 રાંદેરમાં 49.69 ટકા
ઝોન-14 પીપોદરા 43.87 ટકા

### સાંધીયેરમાં દર્શન નાયકની હેટ્રિક જીતના દાવાથી મુકાબલો વધુ રસપ્રદ

સાયણ સુગરની ચૂંટણીમાં સૌથી વધુ રાજકીય રસ સાંધીયેર ઝોનની બેઠકને લઈને જોવા મળ્યો હતો. આ બેઠક પર કોંગ્રેસ અગ્રણી અને ખેડૂત આગેવાન દર્શન નાયક સામે ભાજપની પેનલનો જંગ હતો. દર્શન નાયકે દાવો કર્યો હતો કે સાંધીયેર ઝોન હેઠળ આવતા તમામ 12 ગામોના મતદારોએ ખેડૂત સમાજનો અવાજ ગુંજતો રાખવા માટે મતદાન કર્યું છે.દર્શન નાયકે વધુમાં દાવો કર્યો હતો કે તેમને પરાજિત કરવા માટે સત્તા, સંગઠન અને સમગ્ર ચૂંટણી મશીનરી કામે લગાડવામાં આવી હોવા છતાં તેઓ સતત ત્રીજી ટર્મમાં વિજય મેળવી હેટ્રિક નોંધાવશે. 12 ગામના ખેડૂતોએ પક્ષાપક્ષીથી દૂર રહી મતદાન કર્યું હતું.

# ભાડેથી વાહનો લઈ ગિરવે મૂકી ઠગાઈ આચરનાર સામે ફરિયાદ

**માસિક** ભાડાની લાલચ આપી ટાટા નેક્સન સહિત ૭ કાર-બાઇક પચાવી પાડી રૂપિયા ૧૩ લાખમાં ગિરવે મૂકી દીધી હતી

સુરત : ડિંડોલી વિસ્તારમાં વાહનો ભાડેથી લઈ માસિક મોટા ભાડાની લાલચ આપી વાહનમાલિકો સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવાનું કારસ્તાન સામે આવ્યું છે. પાલ વિસ્તારના એક ગઠિયાએ ડિંડોલીના કાપડ વેપારી સહિત ૭ વાહનમાલિકોની કાર અને બાઇક ભાડે રાખ્યા બાદ બારોબાર ગિરવે મૂકી દઈ રૂપિયા ૧૩ લાખ મેળવી લીધા હતા. વાહનોમાં લગાવેલી જીપીએસ સિસ્ટમ અચાનક બંધ થતાં સમગ્ર આંતરરાજ્ય કૌભાંડનો પર્દાફાશ થયો છે. ડિંડોલી પોલીસે આરોપી સામે છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડિંડોલીના નવાગામ ખાતે સાંઈ પેલેસમાં રહેતા અને સિલાઈકામનું ખાતું ચલાવતા કુલદિપ રાજકુમાર મહેરા (ઉં.વ. ૩૭) એ પોતાની રૂપિયા ૬ લાખની ટાટા નેક્સન કાર (GJ-15-CJ-1372) ઘર પાસે પડી રહેતી હોવાથી મિત્ર વિનોદભાઈના કહેવાથી ભાડે આપવાનું નક્કી કર્યું હતું. વિનોદભાઈએ સમીર ખગેશભાઈ શાહ (રહે. ફ્લેટ નં. ૮૦૨, સન બિલ્ડિંગ, રાજહંસ સિનેમા પાસે, પાલ) સાથે સંપર્ક કરાવ્યો હતો. ગત તા. ૧૫/૦૭/૨૦૨૬ ના રોજ સમીર શાહે દર મહિને રૂપિયા ૧૬,૦૦૦ ના ભાડાથી કરાર કરી કુલદિપની ટાટા નેક્સન કાર ભાડે લીધી હતી. ત્યારબાદ કુલદિપભાઈને જાણવા મળ્યું હતું કે સમીર શાહે આ જ રીતે વિસ્તારના અન્ય છ લોકો પાસેથી પણ વાહનો ભાડે લીધા હતા. જેમાં અરૂણ મિશ્રાની કિયા સોનેટ, રાહુલ જયરામપ્રસાદની સ્વિફ્ટ ડિઝાયર, ભૂપેન્દ્ર ચૌહાણની આર્ટિગા, ગણેશ સોનકુશરેની નિશાન મેગનાઈટ, સંજય વિશ્વકર્માની હ્યુન્ડાઈ એક્સ્ટર અને દીપક સિંહનું રોયલ એનફીલ્ડ બુલેટ બાઈકનો સમાવેશ થાય છે. દરમિયાન તા. ૨૭/૦૭/૨૦૨૬ ના રોજ તમામ વાહનોમાં લગાવેલી જીપીએસ સિસ્ટમ એકસાથે બંધ થઈ ગઈ હતી. જેથી વાહનમાલિકોએ તા. ૨૮/૦૭/૨૦૨૬ ના રોજ સમીર શાહનો સંપર્ક કરવાની કોશિશ કરતાં તેનો મોબાઈલ ફોન બંધ આવ્યો હતો અને તે દુકાનેથી પણ ગાયબ થઈ ગયો હતો. તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે આરોપી સમીર શાહે વાહનમાલિકોની જાણ બહાર આ તમામ વાહનો વિજયભાઈ માછી નામના વ્યક્તિ પાસે ગિરવે મૂકી રૂપિયા ૧૩ લાખ મેળવી લીધા હતા અને ફોન બંધ કરી ફરાર થઈ ગયો હતો.

# ચાંદીપુરાના 217 શંકાસ્પદ કેસ, 39 પોઝિટિવ, 23નાં મોત

**અસરગ્રસ્ત** વિસ્તારોમાં ઘરે-ઘરે સરવે અને સેન્ડફ્લાય નિયંત્રણની કામગીરી તેજ

ગાંધીનગર : ગુજરાતમાં ચાંદીપુરા વાયરસે ફરી ચિંતા વધારી છે. રાજ્યમાં 30 જૂનથી 8 ઓગસ્ટ દરમિયાન ચાંદીપુરાના 217 શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી 39 કેસ પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે. ચાંદીપુરા વાયરસથી અત્યાર સુધીમાં 23 દર્દીઓનાં મોત થયાં છે. 217 શંકાસ્પદ કેસોમાંથી 208 દર્દીઓના નમૂનાના પ્રયોગશાળા પરીક્ષણના પરિણામો જાહેર થઈ ચૂક્યા છે, જ્યારે 9 શંકાસ્પદ દર્દીઓના રિપોર્ટ હજુ આવવાના બાકી છે. મૃત્યુઆંક અને પોઝિટિવ કેસોની સંખ્યાને પગલે આરોગ્ય તંત્ર એલર્ટ બન્યું છે.

30 જૂનથી 8 ઓગસ્ટ સુધીના આંકડા પ્રમાણે રાજ્યમાં નોંધાયેલા 217 શંકાસ્પદ કેસોમાંથી 39 દર્દીઓમાં ચાંદીપુરા વાયરસની પુષ્ટિ થઈ છે. બાકીના પરીક્ષણ થયેલા નમૂનાઓમાં ચેપની પુષ્ટિ થઈ નથી. હજુ નવ નમૂનાના પરિણામો બાકી હોવાથી આગામી દિવસોમાં સ્થિતિમાં ફેરફાર થવાની શક્યતા છે.

ચાંદીપુરા વાયરસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં રોગચાળો નિયંત્રણની કામગીરી વધુ સઘન કરવામાં આવી છે. માટીનાં ઘરોમાં કીટનાશક દવાનો છંટકાવ, રોગ ફેલાવતા રેતીના માખીના નિયંત્રણ માટેની ઝુંબેશ તેમજ ઘરે-ઘરે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ખાસ કરીને બાળકોમાં તાવ, ઊલટી, આંચકી અથવા મગજના સોજા જેવા લક્ષણો જોવા મળે તો વિલંબ કર્યા વિના નજીકના આરોગ્ય કેન્દ્ર અથવા હોસ્પિટલમાં સારવાર લેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ઉજ્જૈનથી પરત ફરતી વખતે અકસ્માતમાં ગોધરાના ૬નાં મોત

**ધાર** જિલ્લામાં રોંગ સાઈડે આવેલા બેકાબૂ ટ્રેલરે ટક્કર મારી

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં રવિવારે બપોરે સર્જાયેલા એક સાંભળીને હચમચાવી દે તેવા અકસ્માતમાં ગોધરાના 6 યુવકોના કરુણ મોત થયા છે. ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરે દર્શન કરીને વતન પરત ફરી રહેલા આ મિત્રોને રોંગ સાઈડ પર આવતા એક ટ્રેલરે સામેથી જોરદાર ટક્કર મારી હતી.

આ બનાવ બપોરે અંદાજે 1 વાગ્યે બડનાવર-ઉજ્જૈન ફોરલેન પર પંચકવાસા ગામ નજીક બન્યો હતો. વડોદરાના પ્રાઈવેટ ફાઈનાન્સમાં કામ કરતા અને સપ્તાહાંતની રજાનો લાભ લઈને ફરવા નીકળેલા ગોધરાના 6 મિત્રો ઈકો કારમાં સવાર હતા. સામેથી અચાનક બેકાબૂ ટ્રેલર આવી જતા કારચાલક કંઈ સમજે તે પહેલા જ ભયંકર અકસ્માત સર્જાયો હતો. ટક્કરની તીવ્રતા એટલી હતી કે કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે પીસાઈ ગયો હતો. આ દુર્ઘટનામાં વિશાલસિંહ પરમાર, મયુર દેવડા, રાકેશ મકવાણા, પરેશ પરમાર, વિમલ સોલંકી અને દિપક આંગડિયા નામના 6 યુવકોએ ઘટનાસ્થળે જીવ ગુમાવ્યો હતો. સ્થાનિકોની મદદથી કારના કાટમાળમાંથી ગંભીર રીતે ઘાયલ થયેલા એક અન્ય યુવકને બહાર કાઢી બડનાવર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. સુચના મળતા જ બડનાવર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અમિતસિંહ કુશવાહ અને તહેસીલદાર સુરેશ નાગર ટીમ સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. પોલીસે છ મૃતદેહોને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોર્ચરીમાં મોકલ્યા છે. મૃતકોના પરિવારોને જાણ કરવામાં આવી છે. આ અકસ્માતને પગલે ફોરલેન પર થોડા સમય માટે ટ્રાફિક ખોરવાયો હતો. પોલીસે ક્રેનની મદદથી વાહનો હટાવી રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. ફિલહાલ પોલીસ ટ્રેલર રોંગ સાઈડમાં કેવી રીતે આવ્યું અને અકસ્માતનું મૂળ કારણ શું છે તે અંગે તપાસ કરી રહી છે.

# સુરતમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે છૂટાછવાયા વરસાદી ઝાપટાં

**મહત્તમ** તાપમાન 32 ડિગ્રી, 80 ટકા ભેજ સાથે દક્ષિણ-પશ્ચિમનો 8 કિમીની ઝડપે પવન

સુરતઃ સુરત શહેરમાં આજે દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ છવાયેલું રહ્યું હતું. શહેરના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જોકે વરસાદનું પ્રમાણ નોંધપાત્ર રહ્યું નહોતું. વાદળછાયા વાતાવરણની અસરને કારણે શહેરના તાપમાનમાં પણ આંશિક ઘટાડો નોંધાયો હતો.

હવામાન વિભાગના આંકડા મુજબ આજે સુરતમાં મહત્તમ તાપમાન 32 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 27.1 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. હવામાં 80 ટકા ભેજ નોંધાતા બફારાનું પ્રમાણ યથાવત્ રહ્યું હતું. દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 8 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો.

### ઉકાઈ ડેમમાં આવક ઘટીને 8 હજાર ક્યુસેક

બીજી તરફ, સુરત શહેર અને દક્ષિણ ગુજરાત માટે મહત્વના ઉકાઈ ડેમના ઉપરવાસમાં વરસાદમાં વિરામ પડતાં ડેમમાં પાણીની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આજે ડેમમાં 8 હજાર ક્યુસેક પાણીની આવક નોંધાઈ હતી. ડેમની સપાટીનું રૂલ લેવલ જાળવી રાખવા માટે હાલ ઉકાઈ ડેમમાંથી 23 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. એટલે કે ડેમમાં થઈ રહેલી આવકની સરખામણીએ પાણીનો નિકાલ નોંધપાત્ર રીતે વધારે રાખવામાં આવ્યો છે. ડેમમાંથી પાણી છોડવાની કામગીરી સાથે ત્રણ હાઇડ્રો યુનિટ અને એક કેનાલ પણ ચાલુ રાખવામાં આવી છે. ઉપરવાસમાં વરસાદની સ્થિતિ અને ડેમમાં પાણીની આવકના આધારે આગામી દિવસોમાં પાણી છોડવાના પ્રમાણમાં ફેરફાર કરવામાં આવી શકે છે.

### જી-કાસનો અંતિમ મોકો : 10 ઓગસ્ટ બાદ પ્રવેશનો નવો રાઉન્ડ નહીં

# દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં UGમાં 61,024 અને PGમાં 5,840ને પ્રવેશ

**બાકી** રહેલા વિદ્યાર્થીઓ માટે આજે રજિસ્ટ્રેશનની છેલ્લી તક

સુરતઃ ગુજરાત કોમન એડમિશન સર્વિસ (જી-કાસ) મારફતે રાજ્યની સરકારી યુનિવર્સિટીઓમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે 10 ઓગસ્ટ અંતિમ તક બની રહેશે.જી-કાસના અંતિમ રાઉન્ડમાં પૂરક પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ, અગાઉ રજિસ્ટ્રેશન ન કરાવનારા વિદ્યાર્થીઓ તેમજ અત્યાર સુધી પ્રવેશથી વંચિત રહેલા વિદ્યાર્થીઓ 10 ઓગસ્ટ સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકશે. આ સાથે ફોર્મમાં જરૂરી સુધારા કરવા તથા પસંદગીની કોલેજ અને અભ્યાસક્રમની ચોઈસ ભરવાની પણ તક આપવામાં આવી છે. જી-કાસના ઉપલબ્ધ આંકડા મુજબ નર્મદ યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાએ અત્યાર સુધીમાં 61,024 વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ થયા છે. જ્યારે 90,745 વિદ્યાર્થીઓએ ચોઈસ આપી હતી, જેમાંથી 89,058 વિદ્યાર્થીઓએ ફોર્મ સબમિટ કરાવ્યું હતું. આ આંકડા દર્શાવે છે કે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લીધો હતો. અનુસ્નાતક કક્ષાએ પણ પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓનો નોંધપાત્ર પ્રતિસાદ મળ્યો છે. અત્યાર સુધીમાં નર્મદ યુનિવર્સિટીમાં 5,840 વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ થયા છે. અનુસ્નાતકમાં કુલ 10,025 વિદ્યાર્થીઓએ ચોઈસ આપી હોવાનું જી-કાસના આંકડામાં સામે આવ્યું છે.

### UGમાં 13 અને PGમાં 14 ઓગસ્ટ સુધી પ્રવેશ મળશે

10 ઓગસ્ટે રજિસ્ટ્રેશન અને ચોઈસની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કોલેજો દ્વારા સીધી પ્રવેશ ઓફર આપવાની તથા પ્રવેશ કન્ફર્મ કરવાની પ્રક્રિયા હાથ ધરાશે. સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ કન્ફર્મ કરવાની અંતિમ તારીખ 13 ઓગસ્ટ, જ્યારે અનુસ્નાતક માટે 14 ઓગસ્ટ નક્કી કરવામાં આવી છે.

### રાજ્યના ડે.સીએમ અને ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીની વેપારીઓને હાકલ

# 'ટેક્સટાઈલ પોલિસી સમજો, FTAનો લાભ લઈ વૈશ્વિક બજાર કબજે કરો'

**ફોસ્ટાએ** ત્રણ વર્ષમાં રૂ.350 કરોડના મામલાઓમાં સમાધાન કરાવ્યું

સુરતઃ ફેડરેશન ઓફ સુરત ટ્રેડ એન્ડ ટેક્સટાઈલ એસોસિએશન (FOSTA) દ્વારા વાર્ષિક સાધારણ સભા તથા વ્યાપાર વિકાસ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી તથા ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સુરતના ટેક્સટાઈલ વેપારીઓને નવી ટેક્સટાઈલ પોલિસી અને વિવિધ દેશો સાથે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA)નો મહત્તમ લાભ લઈ વૈશ્વિક બજારમાં વિસ્તરણ કરવા અપીલ કરી હતી.

હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે 'FOSTAની ટીમ વેપારીઓના પ્રશ્નો લઈને ગાંધીનગર આવે છે અને વેપારીઓના હિતમાં નિર્ણયો કરાવવા માટે સતત પ્રયત્નશીલ છે. ટેક્સટાઈલ પોલિસી અંગે તેમણે કહ્યું કે નવી પોલિસી ક્રાંતિકારી છે અને દેશ-વિદેશની મોટી ગારમેન્ટ કંપનીઓ સુરત તથા દક્ષિણ ગુજરાતમાં રોકાણ કરવા આવી રહી છે.

તેમણે વેપારીઓને પોલિસીનો અભ્યાસ કરવાની સલાહ આપતા જણાવ્યું કે સરકાર મશીનરી, બાંધકામ અને રોજગાર સહિત વિવિધ ક્ષેત્રે પ્રોત્સાહન આપી રહી છે. ગારમેન્ટ ક્ષેત્રમાં મહિલા કર્મચારીઓ માટે દર મહિને રૂ. 5,000 સુધીની પગાર સહાય તથા ૨૫થી 40 ટકા સુધીના વિવિધ પ્રોત્સાહનોનો લાભ મળી શકે છે. 'પોલિસી વાંચશો નહીં તો સરકારની મદદનો લાભ કેવી રીતે મળશે?' એવો સવાલ તેમણે કર્યો હતો.

ટેક્સટાઈલ વેપારીઓ સાથેની છેતરપિંડીના મુદ્દે સંઘવીએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં આશરે 250 FIR નોંધવામાં આવી છે અને અનેક આરોપીઓ સામે PASA હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

# 'ભાડું નથી આપવું, રિક્ષા બેસી જાઓ' કહી વૃદ્ધના રૂ.૫૦ હજાર સરકાવ્યા

**સીમાડા** નાકાથી નાના વરાછા હોસ્પિટલમાં બિલ ચૂકવવા જતાં ૭૦ વર્ષીય વૃદ્ધ શિકાર બન્યા

સુરત : સરથાણામાં રહેતા 70 વર્ષીય વૃદ્ધ દાઢના ચોકઠાનું બાકી પેમેન્ટ કરવા વરાછા જવા ઘરેથી નીકળ્યા હતા. રસ્તામાં એક રિક્ષાચાલકે તેમને 'કાકા, તમે બુઝુર્ગ છો, બેસી જાઓ, ભાડું નહીં આપવું પડે' કહી રિક્ષામાં બેસાડી લીધા હતા. ત્યારબાદ રિક્ષામાં અગાઉથી ગ્રાહકના સ્વાંગમાં બેઠેલા ઠગોએ વૃદ્ધને આગળ-પાછળ બેસવાનું કહી તેમની નજર ચૂકવી ખિસ્સામાં સારવાર માટે રાખેલા રૂપિયા 50 હજાર સેરવી લીધા હતા. આ અંગે વૃદ્ધે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગે તેમણે સરથાણા પોલીસ સ્ટેશનમાં ચાર અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી છે. સરથાણા જકાતનાકા સ્થિત શુકન બંગ્લોઝમાં રહેતા અને મૂળ ગીર સોમનાથના મોટા સમઢીયાળા ગામના ૭૦ વર્ષીય ખેડૂત ચતુરભાઈ રામભાઈ શિરોયા ચાર મહિના અગાઉ નાના વરાછા સ્થિત બેલડીયા હોસ્પિટલ ખાતે કરાવેલા દાઢના ચોકઠાનું રૂપિયા ૫૦,૦૦૦નું બીલ બાકી હોય તે ચૂકવવા માટે ઘરેથી નીકળ્યા હતા. સીમાડા નાકા સુધી મિત્રની કારમાં આવ્યા બાદ તેઓ ચાલીને નાના વરાછા ઢાળ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન અમીદીપ હોન્ડા શો-રૂમ પાસે એક રીક્ષાચાલકે તેમને ઊભા રાખી કાકા તમે બુજુર્ગ છો, બેસી જાઓ, ભાડું નથી આપવું તેમ કહી રીક્ષામાં બેસાડી દીધા હતા. રીક્ષામાં ડ્રાઈવર ઉપરાંત અગાઉથી જ પાછળની સીટ પર બે મુસાફરો બેઠેલા હતા. થોડે દૂર ગયા બાદ વધુ એક મુસાફરને બેસાડાતા સીટ પર જગ્યા ઓછી પડી હતી. આથી અન્ય મુસાફરે કાકા તમે થોડા આગળ ખસીને બેસો તેમ કહી ચતુરભાઈનું ધ્યાન ભટકાવ્યું હતું. જે બાદ નાના વરાછા ઢાળ પાસે ઉતારીને રીક્ષા રવાના થઈ ગયા બાદ ચતુરભાઈએ ખીસ્સામાં તપાસ કરતા હોસ્પિટલના બીલ માટે લાવેલા રોકડા રૂપિયા ૫૦,૦૦૦ ગાયબ જણાયા હતા.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### સુરત સિવિલની હોસ્ટેલમાં...

અન્ય રેસિડેન્ટ ડોક્ટરને તેમના રૂમ પર જઈ તપાસ કરવા જણાવ્યું હતું. સાથી તબીબ રૂમ નંબર 1005 પર પહોંચ્યા ત્યારે દરવાજો અંદરથી બંધ હતો. ડો. હર્ષને બૂમો પાડી દરવાજો ખોલવા માટે અનેક પ્રયાસો કરવામાં આવ્યા, પરંતુ અંદરથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો. અંતે દરવાજો તોડવામાં આવ્યો હતો. દરવાજો ખોલતા રૂમની અંદર ડો. હર્ષ પંડ્યા પંખા સાથે દોરીથી ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. ડો. હર્ષ પંડ્યાએ તેમના કેટલાક મિત્રોને 'હવે હું નહીં આવું' તેમ જણાવ્યું હોવાનું જાણવા મળ્યું છે. જોકે, મિત્રો તે સમયે હર્ષની વાતનો અર્થ સમજી શક્યા નહોતા. તેમણે આજે વહેલી સવારે આશરે 5:30 વાગ્યાના અરસામાં આત્યંતિક પગલું ભર્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આપઘાતનો ચોક્કસ સમય અને તે પહેલાંની સમગ્ર પરિસ્થિતિ અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે. હર્ષે છેલ્લા બે જેટલી રિલ્સ પણ મૂકી હોવાની વાત જાણવા મળી હતી.

### તબીબના આપઘાતની...

તપાસની સીધી દેખરેખ ગાંધીનગરના નિયામક સચદેવને સોંપવામાં આવી છે. તપાસના ભાગરૂપે આજે રાત્રે હોસ્ટેલમાં હાજર તમામ રેસિડેન્ટ વિદ્યાર્થીઓના નિવેદનો લેવામાં આવશે. ડો. હર્ષ સાથે રેગિંગની કોઈ ઘટના બની હતી કે કેમ, તેમને કોઈ પ્રકારની હેરાનગતિ કે પરેશાની કરવામાં આવતી હતી કે કેમ તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવશે. તપાસ કમિટીના સભ્યોને આજે રાત્રે હોસ્ટેલમાં તપાસ પૂર્ણ કર્યા બાદ જ પરત જવા સૂચના આપવામાં આવી છે.

### પલસાણાના એનામાં...

ડાબો હાથ ઊંચો કરતાં તેને ડાબા હાથના ભાગે ઈજાઓ પહોંચી હતી. હુમલો કર્યા બાદ બંને ભાઈ હવે પછી દેખાઈશ તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપીને ફરાર થઈ ગયા હતા.

ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને સારવાર માટે બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે જાગૃતિબેન જોશીએ પલસાણા પોલીસમથકમાં સોયાણી ગામના બે સગીર ભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

### હેલમેટ અને રેઇનકોટ...

જેથી મોપેડ પેટ્રોલ પંપ નજીક મૂકીને હેલ્મેટ પહેરી અને રેઈનકોટ ધારણ કરી પાણીમાંથી ચાલતા ઘરે જવા નીકળ્યા હતા. જોકે, રસ્તામાં પાણીના તેજ વહેણમાં તેઓ તણાઈ ગયા હતા. રાત્રિ સુધી જીયાદ ઘરે ન પહોંચતા પરિવારજનો અને સંબંધીઓએ તેમની શોધખોળ શરૂ કરી હતી, પરંતુ કોઈ પત્તો લાગ્યો નહોતો. જેથી ભેસ્તાન પોલીસને જાણ કરી હતી. એક માસથી પરિવારજનો તેમની શોધમાં હતા. દરમિયાન શનિવારે સાંજે ઉનગામમાં માહિરા પાર્ક નજીક ગુર્જર વિલા સામે આવેલી ખાડીની ઝાડી-ઝાંખરામાં સ્થાનિક વિસ્તારના બાળકો લાકડા કાપવા ગયા હતા. દરમિયાન કાદવ-કિચડમાંથી એક મૃતદેહના પગ દેખાઈ આવ્યા હતા. ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. તપાસ દરમિયાન મૃતકના માથા પર હેલ્મેટ અને શરીર પર રેઈનકોટ હોવાનું પણ સામે આવ્યું હતું. મૃતદેહ ડિકમ્પોઝ હાલતમાં હતો. પરંતુ તેમના પહેરેલા કપડાંમાંથી ડોક્યુમેન્ટ મળી આવતા મૃતદેહ જીયાદ અહેમદનો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે મૃતદેહને કબજે કરી પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

### વિયેતનામમાં હીરાની...

આરોપ છે. 23 ઓક્ટોબર, 2024ના રોજ તાન સોન ન્હાટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તેમના સામાનમાંથી મીઠાઈના બોક્સમાં છુપાવેલા 715 હીરા મળી આવ્યા હતા. તેમાં 503 કુદરતી અને 212 CVD લેબ-ગ્રોન હીરાનો સમાવેશ થતો હતો. જપ્ત માલની કિંમત 6.84 બિલિયન વિયેતનામી ડોંગથી વધુ એટલે કે આશરે 2.59 લાખ અમેરિકી ડોલર હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

આ કેસમાં વિયેતનામી ફરિયાદ પક્ષે શાહ હેમંતકુમાર સુરેશકુમારનું નામ લીધું છે અને તેમને સુરતના મહિધરપુરા વિસ્તારમાં કંપની ચલાવનાર વ્યક્તિ તરીકે દર્શાવ્યા છે. તપાસકર્તાઓનો આરોપ છે કે તેમણે કર્મચારી પ્રજાપતિને વિયેતનામમાં ગેરકાયદે વેચાણ માટે હીરા લઈ જવાની સૂચના આપી હતી. જોકે, તેમની સામેની કાર્યવાહી અલગ રાખવામાં આવી છે, કારણ કે તેમની ઓળખ અને પૃષ્ઠભૂમિની ચકાસણી માટેની ન્યાયિક સહાયની પ્રક્રિયા પૂર્ણ થઈ નથી.

આ કંપનીનું એકમ મહિધરપુરા, સુરતના સરનામે દર્શાવવામાં આવે છે અને તેની પ્રવૃત્તિઓમાં હીરા તથા ડાયમંડ કટિંગ-પોલિશિંગ સંબંધિત વ્યવસાયનો ઉલ્લેખ છે.જે એક ભાગીદારી પેઢી તરીકે દર્શાવવામાં આવી છે.

### રાજ્યમાં પહેલી...

હતા. ત્યારબાદ ડો. નિલેશ કાછડીયા, અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના સ્વયંસેવક ઈકબાલ કડીવાલા સહિતની ટીમે બંને પરિવારોને અંગદાનનું મહત્વ સમજાવ્યું હતું. પરિવારજનોએ ભારે દુઃખ વચ્ચે માનવતાભર્યો નિર્ણય લઈ અંગદાન માટે સંમતિ આપી હતી.

### મોબાઈલ-લેપટોપની...

માહિતી કે ઘટનાનું કારણ જાણવા મળે છે કે કેમ તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે. આ સાથે ડો. હર્ષના નજીકના લોકોની પૂછપરછ પણ શરૂ કરી તેમના નિવેદન લેવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.